ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



નિસર્ગનો રંગોત્સવ : ગાંધીનગરમાં વસંતના વૈભવની જમાવટ છે..હજુ તો પાટનગરવાસીઓએ રંગોત્સવ ઉજવ્યાને ચોવીસ કલાક થાય ના થાય.. તે પહેલા નિસર્ગનો રંગોત્સવ જામી ગયો છે. કેવા અદ્‌ભૂત રંગો પ્રકૃતિએ ખીલવ્યા છે.. આંખને ગમે, હૈયાને ઠારે એવા રંગબેરંગી ફુલો ગાંધીનગરને પ્રકૃતિનગર તરીકે વિકસાવી રહયા છે. લાલ-પીળા અને કેસરી ફુલોથી શોભતા રાજમાર્ગો પણ પાટનગરની ઓળખ બની ગયા છે. સરકારી નગરમાં પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વૈભવ વધુને વધુ ખીલતો જાય છે. ત્યારે પાટનગરની એક નવી ઓળખ પ્રસ્થાપિત થઈ રહી છે. આવો, વધાવીએ વસંતના વૈભવને...

# ગુજરાતમાં ફરી માવઠાની આગાહી

**આગામી ૧૩-૧૪ પછી ગુજરાતના ઘણા ભાગોમાં કમોસમી વરસાદ પડશે**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં ફરી એકવાર માવઠુ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આગામી ૧૩-૧૪ માર્ચ પછી ગુજરાતના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે.

ગુજરાતમાં ઉનાળાનો પ્રારંભ થયો છે. ધીમે ધીમે ગરમી વધી રહી છે. ગરમી વધવાની સાથે જ કમોસમી વરસાદ પડશે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે રાજ્યમાં તા. ૧૩-૧૪ બાદ માવઠુ પડી શકે છે. રાજ્યના ડાંગ, વલસાડ, સુરત, નવસારી, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં માવઠુ પડશે. વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બનતાં કમોસમી વરસાદ વરસસે.

રાજ્યના કટેલાક વિસ્તારોમાં ગરમી પણ વધી શકે છે. કચ્છ જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. આગામી બે દિવસ હિટવેવની અસર રહેશે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી રહેશે. હજુ હમણાં જ રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠુ પડ્યુ હતુ. જેના કારણે ખેત પાકોને ખૂબ નુકશાન થયુ છે. ફરીથી માવઠાની આગાહી કરવામાં આવતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. ખેતપાકોને સલામત સ્થળે ખસેડવાની તૈયારીઓ પણ ખેડૂતોએ કરી દીધી છે.

# જિલ્લા પંચાયતના સભ્યો પ્રમુખ બદલવા અને ગ્રાન્ટ ફાળવણીને મુદ્દે સોમવારે પ્રદેશ નેતાઓને મળશે

**૧૪મીએ બજેટ બેઠક પૂર્વે પ્રદેશ નેતાઓ સાથેની બેઠકનું મહત્વ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખને બદલવાની માંગ અને ગ્રાન્ટ ફાળવણીના વિવાદને લઈ સભ્યો સોમવારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને મળવા કમલમ્ પહોંચશે.

ગઈકાલે જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલની હાજરીમાં મળેલ પંચાયતના સભ્યોની બેઠકમાં સભ્યોની રજુઆતો પછી તેમણે પ્રદેશ નેતાગીરીનું ધ્યાન દોરવાની આપેલી ખાત્રી બાદ આજે બાપોરથી સોમવારે સભ્યોને કમલમ્ પહોંચવા જણાવવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયતની બજેટ બેઠક ૧૪મીએ યોજાવાની છે અને સોમવારે પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પ્રદેશ નેતાગીરી સાથે બેઠક યોજાવાની હોઈ રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના છવાઈ જવા પામી છે.

મળતી વિગતો મુજબ સભ્યોને કમલમ્ પહોંચવા માટે ટેલિફોનિક જાણ કરવામાં આવી છે. આજે આ જાણકારી બાદ કેટલાક સભ્યો જિલ્લા પંચાયત ખાતે પણ પહોંચ્યા હતા. જો કે હાલ તો ઉભી થયેલી સ્થિતિ પર ઘણા બધા સભ્યોએ મૌન ધારણ કરી લીધુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખશ્રીને ગ્રાન્ટ ફાળવણી કરાઈ પછી ખર્ચ કરવામાં નહિ આવતો હોવાની ફરિયાદ સભ્યોએ કરી હતી આ ઉપરાંત ઘણા બધા વિભાગોમાં જરૂરિયાત કરતાં વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી રહી હોવાથી ખર્ચ પુરો નહિ થઈ શકતો હોવાની પણ ફરિયાદ સભ્યોએ ગઈકાલની બેઠકમાં સભ્યોએ કરી હતી. આજ બેઠકમાં સભ્યોએ પ્રમુખ તરીકે દિલીપ પટેલને પણ તાત્કાલિક બદલવામાં આવે તેવી રજુઆત એક તબક્કે કરાઈ હતી.

આ પછી પરિસ્થિતિને પામી ગયેલા જિલ્લા ભાજપના પ્રમુખે પ્રદેશ નેતાગીરી અને જિલ્લાના પ્રભારીઓનું ધ્યાન દોર્યુ હતુ.

મળતા નિર્દેશો મુજબ જિલ્લાના પ્રભારીઓ અને જિલ્લા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં સભ્યો પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને મળશે. આ બેઠક પહેલાં એવા સંકેત મળ્યા હતા કે પંચાયતની બજેટ બેઠકમાં જ ભાજપના સભ્યો સુધારા દરખાસ્ત પણ રજુ કરી શકે છે. જો કે હવે આખો મામલો પ્રદેશકક્ષાએ પહોંચ્યો છે.

# વિધાનસભામાં ગાંધીનગર



- પ્રકાશ જહા

## જિલ્લામાં ૮૧ હજાર ૨૩૯ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ચુકવાઈ

**ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના અંતર્ગત જિલ્લામાં ૨૦ અરજીઓ મંજૂર કરી સહાય ચુકવવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૦

આજે બે દિવસના વિરામ બાદ મળેલ રાજ્ય વિધાનસભા ગૃહમાં બે બેઠક યોજાઈ હતી. બપોર પછીની બીજી બેઠકમાં ગૃહમાં પ્રશ્નોત્તરી હાથ ધરાઈ હતી. પ્રશ્નોત્તરીમાં આજે ઉદ્યોગ, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા તેમજ મહિલા બાળ કલ્યાણ વિભાગના પ્રશ્નો રજુ થયા હતા. સામાન્યતઃ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જોવા મળતી ઉત્તેજનાઓ આજે ઓછી જણાઈ હતી.

- **નિરાધાર વૃધ્ધોને અને દિવ્યાંગોને સહાય**

ભાજપના ગાંધીનગર (દ)ના તેમજ માણસાના જે.એસ. પટેલે જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય માટે ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ સુધીમાં મળેલ અરજીઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યુ છે કે આ સમયગાળામાં કુલ ૩૩૫ અરજીઓ મળી હતી.

આ સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ અરજીઓ પૈકી ૩૩૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને આ પેટે રૂ. ૨૧ લાખ ૫૦ હજાર ૭૫૦ની સહાય ચૂકવી આપવામાં આવી છે. મંત્રીએ અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે હવે કોઈ અરજી પેન્ડીંગ નથી, એટલે કે તમામ અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

- **ગણવેશ સહાય**

ભાજપના કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર અને દહેગામના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની મળેલ અરજીઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યુ છે કે ૮૧,૨૩૯ વિદ્યાર્થીઓની અરજી તંત્રને મળી હતી. મંત્રીએ સભ્યના બે અલગ-અલગ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે મળેલ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ પેટે રૂ. ૭ કરોડ ૧૮ લાખ ૯૭ હજાર ૭૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

- **ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના**

ગાંધીનગર (ઉ)ના ભાજપના ધારાસભ્ય રીટાબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યુ છે કે ૧-૧-૨૨થી ૩૧-૧૨-૨૨ સુધીમાં આ યોજના અંતર્ગત તંત્રને ૨૨ અરજીઓ મળી હતી.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે મળેલ અરજીઓ પૈકી ૨૦ અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે. અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ લાભાર્થીઓને રૂ. ૧,૫૯,૪૦૦ની સહાયની રકમ તંત્ર દ્વારા ચુકવી આપવામાં આવી છે.

- **અને છેલ્લે...**

રાજ્ય સરકારે ૨૦૧૯માં વિમાન રૂ. ૧૯૭ કરોડ ૯૦ લાખ બાવીસ હજાર ત્રણસો છાસઠ રૂ.ને ખર્ચે ખરીદ્યુ હતુ. આ વિમાન પાછળ તા. ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૨ સુધીમાં રૂ. ૨૦ કરોડ ૮૦ લાખ, ૬૮ હજાર, આઠસો ઓગણત્રીસનો ખર્ચ મેઈનટેન્નસ અને ઓપરેશન પાછળ થયેલ છે તેમ કોંગીના મોઢવાડિયાના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

## અધ્યક્ષની આકરી ટકોર...

ગાંધીનગર, તા. ૧૦

આજે રાજ્ય વિધાનસભામાં બપોરની બીજી બેઠક દરમ્યાન અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સભ્યોને આકરી ટકોર કરી હતી.

તેમણે ટકોર કરતાં કહ્યુ હતુ કે કેટલાક સભ્યો ગૃહમાં બેસી કંઈક ખાઈ રહ્યા છે તેવી તેમને માહિતી મળી છે. આ ઘણી ગંભીર બાબત છે. આજ પછી ગૃહમાં આવી હરકત કરનાર સભ્યો સામે આકરા પગલાં ભરવા પડશે અને આ માટે મને મજબુર નહિ કરો એવી આશા રાખુ છુ.

અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ આ સત્ર દરમ્યાન બીજીવાર આકરી ટકોર કરી છે. પૂરક માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન જે તે વિભાગના સચિવોની ગેરહાજરીને લઈ તેમણે આકરી ટકોર કરી હતી.

# આજે વધુ ૫ પંચાયતોના દફતર ચકાસણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા પંચાયતોના દફતરોની આકસ્મિક ચકાસણીની કામગીરી આજે હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન તળે આજે પાંચ જેટલી ટીમો બનાવી અને પાંચ ગ્રામ પંચાયતોના દફતરની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે કનીપુર, હિલોલ, હાલીસા, બોરીસણા અને નાંદોલ ગ્રામ પંચાયતના દફતરોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

તપાસણી માટે પહોંચેલી ટીમો આજે સાંજે પરત ફરી હતી હવે સોમવારે આ ટીમો પોતાનો અહેવાલ તૈયાર કરીને રજુ કરવામાં આવશે.

પંચાયતમાં તલાટીઓની ગેરહાજરી તેમજ અન્ય ફરિયાદો વધતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આક્રમક વલણ અખત્યાર કરેલ છે. અગાઉ જે તપાસ હાથ ધરવામાં આવી હતી તેમાં સંબંધિતોના ખુલાસા માંગવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

**રાયસણ અને અડાલજમાં**

# ગુડાએ બે દુકાનોની હરાજી કરી ૩૪.૧૭ લાખની આવક મેળવી

**અડાલજમાં કુલ ૭૮ દુકાનો પૈકી હજુ ૪૮ દુકાનો ખાલી : નવી આવક ઉભી કરવા માટે ગુડા દ્વારા દુકાનોની વેચાણ હરાજી કરવા માટે તબક્કાવાર પ્રક્રીયા હાથ ધરવામાં આવી રહી છે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ ,અડાલજ અને સરગાસણ સહીતના વિસ્તારમાં ગુડા હસ્તકની દુકાનોની હરાજી કરવા માટે તબક્કવાર પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. રાયસણ અને અડાલજમાં પણ ગુડાએ બે દુકાનોની હરાજી કરીને રૂ ૩૪.૧૭ લાખની આવક મેળવી છે. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે ગુડા નાંણાકીય જોગવાઈને અનુલક્ષી ગુડાના પ્લોટસ તેમજ દુકાનોની હરાજી કરવાની પ્રક્રીયા તેજ બનાવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવકના નવા સ્ત્રોત ઉભા કરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઈ જતા ગુડા માટે આવક ઉભી કરવાનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. જયારે બીજીતરફ આ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં મુળભુત માળખાગત સુવિધાના કામો હજુ ગુડા દ્વારા જ કરવામાં આવી રહ્યા છે. ગુડા દ્વારા હાલ વિવિધ ઠેકાણે નવા આવાસો બાંધવાની યોજના પણ હાથ ધરવામાં આવી છે. જયારે ટી પી વિસ્તારમાં નવા બગીચાઓ બનાવી ગ્રીન સીટીના કન્સેપ્ટને પણ જાળવી રાખવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગુડા દ્વારા ગ્રામ વિકાસ યોજના અન્વયે પણ વિવિધ ગામોમાં પાણી , ગટર , રસ્તા, સ્ટ્રીટ લાઈટ આંગણવાડી અને પંચાયત ઘરની સુધારણા સહીતના કામો સંદર્ભે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જો કે હાલ ગુડાની કામગીરી મંદ પડી ગઈ છે. એકબાજુ હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી સાઈટ પર કામ ઠપ્પ થઈ ગયા છે. જયારે બીજીતરફ ગુડાએ નાંણાકીય જોગવાઈ કરવાનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. જેને અનુલક્ષી નવી આવક ઉભી કરવા માટે ગુડા દ્વારા ટી પી વિસ્તારમાં નવા પ્લોટ પણ વેચાણ કરવામાં આવી રહ્યા છે. પ્લોટ વેચાણના લીધે નવી આવક ઉભી કરીને માળખાગત સુવિધાના વિવિધ કામો સહીતનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૨૮ માર્ચના રોજ ગુડાની બજેટ બેઠક આવક વધારવા પ્લાનીંગ

**આર્થિક ભીંસમાં મુકાયેલું ગુડાનું તંત્ર નવી આવક વધારવા પણ પ્લાનીંગ કરશે**

ગાંધીનગર, તા.૧૦

ન્યુ ગાંધીનગર વિસ્તારમા વિકાસના અનેકવિધ યોજનાઓ પર કામ કરતા ગુડાના તંત્ર માટે આવકનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. આર્થિક ભીંસમાં મુકાયેલા ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા આગામી તારીખ ૨૮મીએ બજેટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ બજેટ બેઠકમાં નવા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા હાથ ધરાશે. નવી આવક ઉભી કરવા કપાતની જમીનના વિવિધ હેતુના પ્લોટના વેચાણ માટે પણ પ્લાન તૈયાર કરાશે.

માર્ચ મહિનામાં ગરમીની સાથે બજેટની મોસમ પણ શરૂ થાય છે. પાટનગરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પૈકી મહાનગર પાલિકા દ્વારા સર્વપ્રથમ બજેટ રજુ કરી દેવામાં આવ્યુ હતું. જ્યારે ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક આગામી તારીખ ૧૪મી માર્ચે યોજાશે. આ દરમિયાન ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા પણ બજેટ માટે બોર્ડ બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. જોકે નવી આવક ઉભી કરવા મથતા ગુડા તંત્ર દ્વારા ઈન્ફ્રસ્ટ્રક્ચર સંબંધિ નવી યોજનાઓ મામલે પણ પ્રશ્નાર્થ સર્જાયેલો છે ગત બજેટ વખતે નિયત કરવામાં આવેલી યોજનાઓ પણ નાણાંના અભાવે મંદ ગતિએ છે ગ્રામ વિકાસ સદ્‌ભાવના યોજના અંતર્ગતના અબજો રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે તમામ ૨૬ ગામમાં એક સાથે વિવિધ કામગીરી શરૂ કરવાના બદલે હવે પ્રથમ તબક્કે માત્ર ગંદા પાણીના નિકાલ માટેની ગટર લાઈનોનું જ કામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે ત્યારે આર્થિક નબળા વર્ગના પરિવારો માટે આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ સંજોગોમાં ભારત સરકારની વર્ષ ૨૦૩૬માં ઓલમ્પિક ગેમ્સના આયોજનની તૈયારીના ભાગરૂપે સ્પોર્ટ્સ કોમ્પલેક્સની યોજનાને વેગ આપવા આયોજન કરવામાં આવશે જયારે આવક ઉભી કરવા માટે વધુ સંખ્યામાં અનામતના પ્લોટની જાહેર હરાજી કરવાની પણ પ્રક્રીયા હાથ ધરાશે.

# મૂર્ધન્ય સાહિત્યકાર ધીરુબહેન પટેલનુ ૯૬ વર્ષની વયે નિધન

**‘આગન્તુક’ નવલકથા માટે સાહિત્ય અકાદમીનો એવોર્ડ મેળવનાર ધીરુબહેન પટેલે બાળસાહિત્યથી લઈને એકાંકી સુધી અનેક સાહિત્ય સર્જનો તેમના નામે નોંધાયા છે**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે માતબર પ્રદાન કરનાર જાણીતા સાહિત્યકાર ધીરુબહેન પટેલનું ૯૬ વર્ષની જૈફ વયે અવસાન થતા



સાહિત્યજગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમણે ગુજરાતી સાહિત્યને એક નવી જ ઉંચાઈ બક્ષી હતી. ધીરુબહેન પટેલના અવસાનથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રને મોટી ખોટ પડી છે.

ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સર્જક ધીરુબહેન પટેલે ૯૬ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. તેઓ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. અમદાવાદ સ્થિત નિવાસસ્થાને તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ધીરુબહેન પટેલનો જન્મ ધર્મજમાં અને શિક્ષણ મુંબઈમાં થયુ હતુ. તેમના પર માતા અને પિતાનો ખૂબ પ્રભાવ રહ્યો હતો. માતા-પિતા પાસેથી શબ્દ અને સાહિત્યનો વારસો મેળવનાર ધીરુબહેન પટેલે મુંબઈમાં અધ્યાપક તરીકેની કારકિર્દીની શરૂઆત કર્યા બાદ મૂલ્યવાન સાહિત્ય સર્જનની શરૂઆત કરી હતી જે આજીવન રહી હતી. ગુજરાતી મહિલા સાહિત્યકાર તરીકે લોકચાહના મેળવનાર ધીરુબહેન પટેલે નવલિકા, લઘુનવલ, નવલકથા, ચરિત્ર નિબંધો, હાસ્યકથાઓ, બાળ સાહિત્ય, અનુવાદ અને કાવ્ય એવા સાહિત્યના દરેક ક્ષેત્રે માતબર ખેડાણ કરી ગુજરાતી સાહિત્યને અદ્‌ભૂત કૃતિઓની ભેટ આપી હતી. ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદે પણ રહ્યા હતા. અધૂરો કોલ (૧૯૫૫), એક લહર (૧૯૫૭), વિશ્રંભકથા (૧૯૬૬) વગેરે તેમના વાર્તાસંગ્રહો છે. વડવાનલ (૧૯૬૩), શીમળાંના ફૂલ (૧૯૭૬), વાવંટોળ (૧૯૭૯), વમળ (૧૯૭૯),

● અનુસંધાન પાન-૭ પર

### ધીરુબહેન હંમેશા આપણી વચ્ચે શબ્દદેહે જીવંત રહેશે...

મૂર્ધન્ય સાહિત્યકાર ધીરુબહેન પટેલનું અવસાન થતા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ તેઓને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યુ છે કે ‘આજે આદરણીય ધીરુબહેનના દુઃખદ દેહાવસાનથી અત્યંત શોકની લાગણી અનુભવુ છુ. એ એમના શબ્દદેહથી આપણી વચ્ચે જીવતા રહેશે એમની પ્રતિભા અને સાધનાને કારણે નવી પેઢીના સર્જકોને તેઓ પ્રેરણા આપતા રહેશે. આજે એમના માતૃતુલ્ય સ્નેહ અને પ્રોત્સાહનનું સ્મરણ થઈ આવે છે. આધુનિક ગુજરાતી ગદ્યનો એક યુગ આથમ્યો હોય એવી ખોટ પડી છે. મારા તરફથી અને અકાદમી વતી હુ તેઓને શ્રદ્ધાંજલિ આપુ છુ. ઓમ શાંતિ’’

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ધર્મપરિવર્તન અને બળાત્કારના કેસના મુખ્ય આરોપીની વચગાળાની જામીન અરજી નામંજુર

**પુત્રની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આરોપીએ વચગાળાની જામીન અરજી રજુ કરી હતી : મુખ્ય સરકારી વકીલ હીતેશ એન રાવલ તેમજ વકીલ ધવલ મહેતાની ધારદાર દલીલોના અંતે ગાંધીનગરની બીજા એડીશ્નલ સેસન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજુર કરી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરની પરિણીતાને તેના પતિ સાથે છુટાછેડા લેવડાવી તેણીને ડરાવી ધમકાવીને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવી બળાત્કાર ગુજારવાના લવે જેહાદના કેસમાં ગાંધીનગર કોર્ટે મુખ્ય આરોપી ઈસ્માઈલખાન બાદરખાન મલેકની વચગાળાની જામીન અરજી નામંજુર કરવાનો આદેશ કર્યો છે. વિધર્મી યુવકના ત્રાસથી કંટાળી પરિણિતાએ અગાઉ આત્મહત્યાનો પણ પ્રયાસ કર્યો હતો. જયારે આ કેસ સંદર્ભે પુત્રની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આરોપીએ રજુ કરેલી વચગાળાની જામીન અરજી કોર્ટે નામંજુર કરી છે.

આ કેસ સંદર્ભે મુખ્ય સરકારી વકીલ હીતેશ એન રાવલ તેમજ ફરિયાદીના વકીલ ધવલ મહેતાએ આરોપીની વચળાગાની જામીન અરજીનો જોરદાર વિરોધ કર્યો હતો. જયારે આ મામલે દલીલો રજુ કરતા કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે મુખ્ય આરોપીની જામીન અરજી કોર્ટે ગુણદોષ પર રદ કરી છે. આરોપીના પરિવારમાં પિતા ભાઈઓ સહીતના સભ્યો હાજર હોવાથી તેના પુત્રને લેવા મુકવા જવા માટે આરોપીની હાજરીની જરૂર રહેતી નથી જયારે

● અનુસંધાન પાન-૭ પર

LED TV રીપેરીંગ
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬
નોંધ : સૌરાષ્ટ્રના માવાના પેંડા મળશે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com